# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :–**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓને તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય–દિલ્હી દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સ્વચ્છતા માટે રેન્ક આપવાનું આયોજન કરવામાં આવેલ છે. અત્રેની યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓએ www.aishe.gov.in વેબસાઈટ પર જમણી બાજુએ આપેલ "Quick Link" પર "Apply for Swachhta Ranking" પર કલીક કરી આપની કોલેજ/સંસ્થાનું રજીસ્ટ્રેશન છેલ્લી તારીખ ૩૧/૦૭/૨૦૧૭ સુધીમાં કરવાનું રહેશે.વધુ માહિતી આ સાથે સામેલ પરીપત્રમાં આપેલ છે.વધુમાં વધુ કોલેજો /સંસ્થાઓ આ અભિયાનમાં જોડાય તેવી અપેક્ષા છે.

I/C રજીસ્ટ્રાર

નં. : બીકેએનએમયુ/રજી/ ૭૦૨ /૨૦૧૭

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પો લીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.

તા. ૨૯/૦૭/૨૦૧૭

**પ્રતિ,**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ /પી.જી. સેન્ટરના વડાશ્રીઓ તરફ

**નકલ સવિનય જાણ સારૂ:–**

૩)માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**

૪) આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)

अखिल भारतीय उच्चर शिक्षा सर्वेक्षण (मानव संसाधन विकास मंत्रालय, भारत सरकार)
All India Survey On Higher Education (Ministry of Human Resource Development)

## AISHE GUJARAT STATE UNIT
Knowledge Consortium of Gujarat

Ref. No.: AISHE/2017-18/02 Date: 21/07/2017

આદરણીય વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સીટી,ગુજરાત રાજ્ય.

**વિષય; ઉચ્ચ શિક્ષણ સંસ્થાને "સ્વચ્છતા રેન્કીંગ સ્કીમ"**

સર,

માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય-દિલ્હી દ્વારા રજુ થયેલ સ્વચ્છતા રેન્કીંગ સ્કીમ મુજબ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સ્વચ્છતા માટે માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય-દિલ્હી દ્વારા રેન્ક આપવાનું આયોજન કરેલ છે. તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીમાં તેમની સંસ્થાની સ્વચ્છતાની માહિતી નિયત ફ્રોમેટમાં ઓનલાઈન આપવાની રહે છે. ઓગસ્ટ માસમાં દિલ્હીથી કમિટી દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે અને તેને આધારે રેન્ક અપાશે. ત્યારબાદ દિલ્હી ખાતે માનનીય મંત્રીશ્રી, માનવ સંશાધન અને વિકાસ મંત્રાલય-દિલ્હી દ્વારા સ્વચ્છ સંસ્થાને એવોર્ડ આપવામાં આવશે.

સામાન્યરીતે આવા કાર્યો એક અભિયાન તરીકે લેવામાં આવે તો તેના ચમત્કારિક હકારાત્મક પરિણામો પ્રાપ્ત થાય છે. આપણા રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ આ કાર્યને અભિયાન તરીકે લે તે આવશ્યક છે.

**આ માટે આપની યુનિવર્સીટીનાં AISHE નોડલ ઓફિસરશ્રીએ નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.**

(૧) AISHE પોર્ટલ પર જમણી બાજુ "Quick Link" નીચે "Apply For SWACHHTA RANKING" લખેલું છે તેના પર ક્લિક કરવું જેથી એક નવી વિન્ડો ઓપન થશે.

(૨) નવી ઓપન થયેલ વિન્ડો પર આપને યુઝર આઈ-ડી અને પાસવર્ડ પૂછવામાં આવશે, જ્યાં આપની કોલેજનો AISHE યુઝર આઈ-ડી અને પાસવર્ડ એન્ટર કરવી અને પછી લોગ ઈન બટન પર ક્લિક કરવું.

(૩) લોગઈન પર ક્લિક કર્યા પછી એક ફ્રોર્મ ઓપન થશે જેમાં AISHE CODE અને આપની સંસ્થાનું નામ પેહલાથી લખેલું આવશે, અને બાકી રહેલી વિગતો આપની સંસ્થાની ખરેખર સ્થિતિ મુજબ ભરવી.

(૪) ફ્રોર્મની સંપૂર્ણ વિગતો ભર્યા પછી નીચે Undertaking સાથે એક "ચેક બોક્ષ" છે જે ચેક કરવું અનિવાર્ય છે, ત્યારબાદ જ ફ્રોર્મ સબમિટ કરવું.

•આ સરળ કામગીરી છે અને ૧૦ મિનીટ માં થઈ જશે.
•આ ફ્રોર્મ ભરીને આ ફ્રોર્મનો સ્ક્રીનશોટ લઈને રાખવો જેથી આપની પાસે ભરેલ માહિતી રેકોર્ડમાં રહે.

VC OFFICE
Inward No. 515
Dt. 21/07/2017

પ્રો. આર. કે. શાહ
સ્ટેટ નોડલ ઓફિસર, AISHE

નકલ રવાના :
(૧)રજીસ્ટ્રારશ્રી (૨)AISHE-યુનિવર્સીટી નોડલ ઓફિસરશ્રી –સદર યુનિવર્સીટી

Opp. PRL, Nr. L. D. Engg. College, Navrangpura, Ahmedabad - 09.
Ph : 079-26302067 • Fax : 079-26302077 • Website : www.aishe.gov.in, www.gemhe.gujarat.gov.in